BRASS CITY
ESTD : 1948
JAMNAGAR FACTORY OWNER'S ASSOCIATION
75 YEARS PLATINUM JUBILEE
Plot No. 370/372, G.I.D.C. Industrial Area, Shankar Tekri, Udyognagar, Jamnagar-361 004. (India).
+91 288-2560002-2560003 +91 94264 92698
jfoaj@yahoo.com, jfoajam@gmail.com
www.jamnagarfactoryassociation.com
Scan Me For Android Mobile Application
jfoa_jamnagar

JFOA-23/123/SAT-10102026

—: જામનગરના બ્રાસઉદ્યોગના જીએસટીના પ્રશ્નોની જીએસટી કાઉન્સીલની બેઠકમાં લેવાયેલ નિર્ણયો બાબત :—

જામનગરના બ્રાસ ઉદ્યોગકારોના જીએસટી સંબંધિત વિવિધ પ્રશ્નો અને વ્યવહારીક મુશ્કેલીઓ અને ખાસ કરીને પ્રામાણિક કરદાતાઓને પડી રહેલી મુશ્કેલીઓના નિરાકરણ માટે જામનગરના બ્રાસઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી ત્રણેય મુખ્ય સંસ્થાઓ જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન, જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા જીઆઈડીસી પ્લોટ/શેડ હોલ્ડર્સ એસોસીએશન ફેસ—૨/૩ દ્વારા ધારાસભ્ય માનનીયશ્રી દિવ્યેશભાઈ અકબરીની આગેવાની હેઠળ અન્ય ધારાસભ્યો માનનીયશ્રી રાઘવજીભાઈ પટેલ તથા માનનીયશ્રી મેઘજીભાઈ ચાવડાની ઉપસ્થિતીમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી માનનીયશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા કેબીનેટ નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈની સુચનાથી રાજય નાણામંત્રી માનનીયશ્રી કમલેશભાઈ પટેલની અધ્યક્ષતામાં જીએસટી વિભાગના ચીફ કમિશ્નરશ્રીને રૂબરૂ મળી જામનગરના બ્રાસ ઉદ્યોગકારોને જીએસટીને કારણે પ્રામાણિક કરદાતાઓને પડતી મુશ્કેલી અંગેના મુદાઓ રજુ કરવામાં આવ્યા હતાં. સાથોસાથ આ પ્રશ્ન બાબતે જામનગર તથા દેવભૂમિ દ્વારકાના લોકલાડીલા સાંસદ માનનીય બહેનશ્રી પુનમબેન માડમે પણ કેન્દ્ર સરકાર સમક્ષ ભારપુર્વકની રજુઆત કરવામાં આવેલ જે અનુસંધાને સ્ટેટ જીએસટીના ચીફ કમિશ્નરશ્રી દ્વારા આ મુદાઓને જીએસટી કાઉન્સીલની મીટીગમાં મુકવામાં આવેલ હતા.

ઉપરોકત ત્રણેય સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલી રજુઆતો અને ધારાસભ્ય માનનીયશ્રી દિવ્યેશભાઈ અકબરીના સક્રિય પ્રયત્નોને કારણે જીએસટી કાઉન્સીલની બેઠકમાં **16(2)C** સી અને ઈનપુટ ટેકસ ક્રેડીટ સંબંધિત જોગવાઈઓ તથા પ્રામાણિક કરદાતાઓને પડતી મુશ્કેલીઓ તથા કાયદામાં રહેલી વિસંગતતાઓના નિરાકરણ અંગે ચર્ચા—વિચારણા કરવામાં આવી હતી.

જીએસટી કાઉન્સીલના એજન્ડા મુજબ વેપારીઓના હિતમાં ઘણા બધા હકારાત્મક નિણયો લેવામાં આવેલ છે જેથી વેપારીઓમાં રાહતની લાગણી ફેલાયેલ છે અને ખાસ કરીને જામનગરના બ્રાસઉદ્યોગને સ્પશતો મુખ્ય મુદો કલમ **16(2)C** માં સુધારો કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવેલી હતી અને આ કલમ **16(2)C** બાબતે દેશમાંથી ઘણા બધી સંસ્થાઓ દ્વારા કેન્દ્રીય નાણામંત્રીશ્રી સમક્ષ રજુઆતો કરેલ હતી જે મુદાની ગંભીરતા સમજી જીએસટી કાઉન્સીલમાં આ મુદે જીએસટી વિભાગના ઉચ્ચ અધિકારીઓની એક સમિતિ બનાવી આગામી ત્રણ માસમાં આ બાબતે કોઈ નકકર માર્ગદર્શીકા તૈયાર કરી પ્રામાણિક કરદાતાઓને પડતી મુશ્કેલીઓનુ નિરાકરણ આવે તેવો અહેવાલ તૈયાર કરી કાઉન્સીલને સુપરત કરવા માટે નકકી કરવામાં આવેલ છે જેથી જામનગરના બ્રાસઉદ્યોગને સ્પર્શતા પ્રશ્નનું ટુંક સમયમાં કાયમી નિરાકરણ આવે તેવી જામનગરના બ્રાસ ઉદ્યોગકારો માટે રાહતની આશા બંધાણી છે.

મેહુલ ડી. જોબનપુત્રા	કુણાલ વી. શેઠ	જીજ્ઞેશ બી. લાવટી
સેક્રેટરી-J.F.O.A.	સેક્રેટરી -J.C.C.I.	સેક્રેટરી-G.P.S.H.A.